પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૭૮ | ૨૯ મે, ૨૦૧૯, બુધવાર; વૈશાખ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઝારખંડમાં સીઆરપીએફ ટુકડી પર નક્સલી હુમલો

**નક્સલીઓએ વિસ્ફોટ પછી જવાનો પર ફાયરિંગ કર્યું : ૧૧ જવાન ઘાયલ : ઘાયલોમાં ૮ કોબરા બટાલિયનના અને ત્રણ ઝારખંડ પોલીસના જવાન સામેલ**



રાંચી,તા.૨૮

ઝારખંડના સરાયકેલાના ખરસાવાં વિસ્તારમાં મંગળવાર સવારે લગભગ ૪.૫૩ વાગ્યે નક્સલીઓએ માઈન ઉડાવીને ૧૧ જવાનોને જવાનોને ઘાયલ કરી દીધા. ઘાયલોમાં ૮ કોબરા બટાલિયનના અને ત્રણ ઝારખંડ પોલીસના જવાન સામેલ છે. તેમાંથી પાંચની હાલથ નાજુક હોવાનું કહેવાય છે. તમામ ઘાયલ જવાનોને હેલિકોપ્ટરથી રાંચી લાવવામાં આવ્યા છે અને મેડિકોમાં દાખલ કરવામાં આવ્યા છે.

સરાયકેલા એસપી ચંદન કુમાર સિન્હાએ કહ્યું કે સર્ચ ઓપરેશન દરમિયાન માઈન વિસ્ફોટ કરવામાં આવ્યો. જેમાં ૧૧ જવાન ઘાયલ થયા છે. એવી શક્યતા છે કે કેટલાક નક્સીઓને પણ ગોળી વાગી છે. વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

ડીજીપી ડીકે પાંડેયને કહ્યું કે લોકસભા ચૂંટણી દરમિયાન નક્સલીઓએ અનેક સ્થળે જમીનની અંદર આઈઈડી લગાવી રાખ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોમાં જવાનો દ્વારા આ જ આઈઈડીને હટાવવામાં આવી રહ્યા હતા. આ ક્રમમાં આ ઘટના બની. જવાનોને સીધા ટાર્ગેટ નથી કરવામાં આવ્યા. મળતી જાણકારી મુજબ, ખરસાવાં પોલીસ સ્ટેશન હદના સુંદર પહાડીમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું હતું. જવાન પગપાળા તલાશી લઈ રહ્યા હતા. આ દરમિયાન આઈઈડી બ્લાસ્ટ થયો, જેમાં ૧૧ જવાન ઘાયલ થઈ ગયા. એવી સૂચના છે કે બ્લાસ્ટ બાદ નક્સલીઓ દ્વારા ફાયરિંગ પણ કરવામાં આવ્યું હતુ. મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં ૩૦ એપ્રિલે થયેલા નક્સલી હુમલામાં પોલીસે ૧૫ જવાન શહીદ થઈ ગયા હતા.

## મોદીએ પ્રણવ મુખર્જીના પણ આશીર્વાદ મેળવ્યા

**પ્રણવ મુખર્જીએ મોદીનું ભવ્ય સ્વાગત કર્યું : પોતાના હાથથી બંગાળી મિઠાઇ ખવડાવી મ્હો મીઠું કરાવ્યું**



નવીદિલ્હી, તા. ૨૮

લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ સાથે સતત બીજી વખત કેન્દ્રમાં સત્તામાં આવેલા નરેન્દ્ર મોદીએ આજે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પણ આશીર્વાદ લીધા હતા. પ્રણવ મુખર્જીએ મોદીનું ભવ્ય સ્વાગત કર્યું હતું અને પોતાના હાથથી મિઠાઇ ખવડાવી હતી. મુલાકાતના ફોટાઓ જારી કરતા ટ્વિટર ઉપર મોદીએ લખ્યું છે કે, તેઓએ પ્રણવદાના આશીર્વાદ લીધા છે. પ્રણવદાની મુલાકાત હંમેશા અનુભવ વધારનાર હોય છે. તેમના જ્ઞાન અને સમજની બીજી કોઈપણ મિશાલ દેખાતી નથી. જવાબમાં પ્રણવદાએ ટ્વીટ કરીને કહ્યું છે કે બીજી ઈનિંગ્સ માટે તેઓ શુભેચ્છા પાઠવે છે. મોદી ગુરુવારના દિવસે વડાપ્રધાન તરીકે શપથ લેશે. જીત બાદ તેઓ પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશીના આશીર્વાદ પણ લઈ ચુક્યા છે.

# કર્ણાટક સરકાર પર સંકટના વાદળો

**કિલ્લાને બચાવવા ગુલામ નબી અને કેસી વેણુગોપાલ પહોંચ્યા : કોંગ્રેસમાં જોરદાર અસંતોષનું મોજુ : કર્ણાટકમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપે ૨૮ પૈકી ૨૫ સીટો જીતી લીધા બાદ કોંગ્રેસ-જેડીએસ સરકાર ભારે મુશ્કેલીમાં : રાજકીય ગતિવિધિ વધી**

નવીદિલ્હી,તા. ૨૮

લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને મળેલી જોરદાર જીત બાદ કોંગ્રેસની અંદર ભારે ઉથલપાથલનો દોર જારી છે. એકબાજુ પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધી રાજીનામુ આપી દેવાના મૂડમાં છે તો બીજી બાજુ રાજ્યમાં વરિષ્ઠ નેતાઓની જવાબદારી નક્કી કરવાની માંગ ઉઠી રહી છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે કર્ણાટકમાં જનતા દળ સેક્યુલરની સાથે ચાલી રહેલી કોંગ્રેસની ગઠબંધન સરકાર ઉપર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. બંને સાથી પક્ષો વચ્ચે તિરાડ પડવાના અહેવાલ વચ્ચે પોતાના કિલ્લાને બચાવી લેવા દિલ્હીમાંથી કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદ અને રાજ્યના પ્રભારી કેસી વેણુગોપાલ બેંગ્લોર પહોંચી ગયા છે. કોંગ્રેસ પાર્ટીની અંદર જોરદાર અસંતોષનું મોજુ ફેલાયેલું છે. રવિવારના દિવસે જ પાર્ટીના બે ધારાસભ્યોએ કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના નેતા એસએમ કૃષ્ણાના બેંગ્લોરના આવાસ પર બેઠક યોજી હતી. ત્યારબાદથી અટકળોનો દોર ચાલી રહ્યો છે. દક્ષિણ રાજ્યમાં ગઠબંધન સરકાર બન્યા બાદથી જ આ સરકાર ગબડી પડવાની અટકળો ચાલી રહી હતી. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને જેડીએસને મળેલી કારમી હાર બાદ કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ દાવો કર્યો હતો કે, રાજ્ય સરકાર ૧૦મી જૂન બાદ કોઈપણ સમયે ગબડી પડશે. સામાન્ય ચૂંટણીમાં બંને પાર્ટીઓને કર્ણાટકમાં માત્ર એક એક સીટો મળી છે. કર્ણાટકની ૨૮ લોકસભા સીટમાં ભાજપને ૨૫ સીટો મેળવી લીધી છે જ્યારે એક અપક્ષ ઉમેદવારની જીત થઈ છે. કોંગ્રેસ તરફથી ધારાસભ્ય રાજેશ અને સુધારકે કૃષ્ણાના આવાસ પર ભાજપના નેતાઓ સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ એવો દાવો કરવામાં આવ્યો હતો કે, આ મુલાકાત કોઈ રાજકીય ન હતી. જો કે, આ વાતચીત થયા બાદથી કર્ણાટક સરકાર ગબડી પડશે તેવા સંકેત મળી રહ્યા છે. સુત્રોનું કહેવું છે કે, દિલ્હીથી પહોંચેલા કોંગ્રેસના નેતાઓ રાજ્ય સરકારના મંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓ તથા ધારાસભ્યોને મળીને સંકટ દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. લોકસભાની ચૂંટણી પહેલા જ ભાજપના નેતાઓ કહી રહ્યા હતા કે, ૨૩મી મે બાદ કોંગ્રેસ અને જેડીએસની સરકાર ગબડી પડશે. ૨૨૫ વિધાનસભા સીટો વાળા કર્ણાટકમાં ભાજપની ૧૦૫ સીટો છે. તે સૌથી મોટી પાર્ટી છે.

## ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ પદે નડ્ડા અથવા ધર્મેન્દ્ર પ્રધાનની સંભાવના

**અમિત શાહ મંત્રી બનશે તો પાર્ટી પ્રમુખ પદને છોડી શકે : મોદીની બીજી ઇનિંગ્સમાં મહત્વકાંક્ષી યોજનાઓને અતિ ઝડપથી અમલી કરવાની શાહને મોટી જવાબદારી અપાશે**

નવી દિલ્હી, તા. ૨૮

લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે એનડીએની નવી અવધિ શરૂ થવા જઈ રહી છે. નવી સરકારમાં પાર્ટી પ્રમુખ અમિત શાહની ભૂમિકા શું રહેશે તેને લઈને જોરદાર ચર્ચા ચાલી રહી છે. એમ માનવામાં આવે છે કે, અમિત શાહને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નવા મંત્રીમંડળમાં કોઇ મોટી જવાબદારી સોંપવામાં આવી શકે છે. જો શાહ મોદી કેબિનેટમાં કોઈ મોટી જવાબદારી સંભાળે છે તો પાર્ટી દ્વારા અધ્યક્ષ પદ માટે કોઈ અન્યની પસંદગી કરવામાં આવશે. પાર્ટી તેમને સંગઠનના અધ્યક્ષપદેથી દૂર કરશે. ૧૭મી લોકસભા ચૂંટણી માટે જ્યારે અમિત શાહે ગાંધીનગરમાંથી ઉમેદવારી નોંધાવી ત્યારે એવી ચર્ચા છેડાઈ ગઈ હતી. લોકસભા ચૂંટણીમાં બહુમતિ મળ્યા બાદ મોદીની નવી સરકારમાં અમિત શાહની કોઈ મોટી જવાબદારી રહેશે. હવે ૩૦મી મેના દિવસે રાષ્ટ્રપતિ ભવનમાં નવી સરકારની રચના માટે શપથ કાર્યક્રમ શરૂ થશે. તે વખતે નવી કેબિનેટની રચના અંગે ચિત્ર સ્પષ્ટ થશે. અમિત શાહને મોદી કેબિનેટમાં જગ્યા મળે છે કે કેમ તેને લઈને પણ જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. પાર્ટીમાં આ બાબતને લઈને પણ ચર્ચાઓ તીવ્ર બની છે કો જો અમિત શાહ સરકાર કોઈ જવાબદારી સંભાળે છે તો તેમને પાર્ટી પ્રમુખ તરીકેની જવાબદારી છોડી દેવી પડશે. કારણ કે, ભારતીય જનતા પાર્ટી વર્ષોથી એક વ્યક્તિ એક પદના સિદ્ધાંત ઉપર કામ કરે છે. જો અમિત શાહ મંત્રીમંડળમાં આવે તો જેપી નડ્ડા અથવા તો ધર્મેન્દ્ર પ્રધાનમાંથી કોઇ એકને પાર્ટીના અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપવામાં આવી શકે છે.

## ન્યુઝ ટ્રેક

**સમાજવાદી પાર્ટીમાં પરાજયનું ચિંતન**

લોકસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી દ્વારા મહા ગઠબંધન કરાયા બાદ પણ કારમો પરાજય થતાં મુલાયમસિંહ યાદવ સહિતના નેતાઓએ મંથન બેઠક યોજી હતી. મુલાયમસિંહે પક્ષના નેતાઓને ઝાટક્યા હતા.

**રાહુલ ગાંધીએ ગેહલોતની મુલાકાત રદ કરી**

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતને સોમવારે સવારે મુલાકાતનો સમય આપ્યો હતો પરંતુ અડધા કલાક પહેલા જ મુલાકાત રદ કરી મહામંત્રી વેણુગોપાલને મળવા જણાવી દીધુ હતુ. કોંગ્રેસ વર્તુળમાં ચર્ચાય છે કે રાહુલ ગાંધી અશોક ગેહલોત અને કમલનાથથી ભારે નારાજ છે.

**લોકસભામાં કોંગ્રેસ નેતા બનવા તૈયાર છું: શશિ થરૂર**

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરુરે કહ્યું કે, જો પાર્ટી તેમને લોકસભામાં કોંગ્રેસ પાર્ટીના નેતા પદ પર જાહેર કરે છે તો તેઓ આ જવાબદારી નિભાવવા તૈયાર છું.

## ભાજપ રાજ્યસભાની ટિકિટ અડવાણી કે મુરલી મનોહર જોશીને આપશે

નવી દિલ્હી, તા.૨૮

આગામી ટૂંક સમયમાં રાજ્ય સભાની ગુજરાતની બે બેઠકો માટે ચૂંટણી થવાની છે. અમિત શાહ અને સ્મૃતિ ઈરાની લોકસભામાં ચૂંટાઈ ગયા હોવાથી રાજ્યસભાની બેઠક ખાલી કરશે.

સચિવાલયના સૂત્રો જણાવે છે કે આ બંને બેઠકો પણ કેન્દ્રના જ સિનિયર નેતાઓને ચૂંટણી લડાવવા માં આવશે ગુજરાતમાંથી કોઈ નેતા કે આગેવાનને ટિકિટ મળે એવી શક્યતા ખૂબ ઓછી છે પરંતુ લાલ કૃષ્ણ અડવાણી તથા મુરલી મનોહર જોશીને રાજ્યસભાની બેઠક આપવામાં આવે એવું લાગી રહ્યું છે.

# ટીએમસીમાં પણ ભંગાણ

**ટીએમસીના બે ધારાસભ્ય, ૫૦ કાઉન્સિલર અંતે ભાજપમાં જોડાયા : લોકસભાની ચૂંટણી બાદ મમતા બેનર્જીને વધુ એક ફટકો પડ્યો : ટીએમસીને લોકસભાની ચૂંટણીની જેમ સાત તબક્કામાં એક પછી એક ફટકા અપાશે**

કોલકાતા,તા. ૨૮

પશ્ચિમ બંગાળમાં લોકસભાની ચૂંટણીમાં ૧૮ બેઠકો જીતનાર ભારતીય જનતા પાર્ટીએ હવે મુખ્યમંત્રી મમતા બેનર્જીના નેતૃત્વમાં ટીએમસીને વધુ એક મોટો ફટકો આપી દીધો છે. જેના ભાગરુપે આજે બંગાળમાં શાસક પક્ષ ટીએમસીના બે ધારાસભ્યો અને આશરે ૫૦ ટીએમસી કાઉન્સિલરો ભાજપમાં જોડાઈ ગયા હતા. ટીએમસીના મોટી સંખ્યામાં લોકો ભાજપમાં સામેલ થતાં મમતા બેનર્જી હચમચી ઉઠ્યા છે. આ સંદર્ભમાં વાત કરતા ભાજપના વરિષ્ઠ નેતાઓનું કહેવું છે કે, આતો માત્ર શરૂઆત થઈ છે. બંગાળમાં હજુ પણ ટીએમસીના મોટી સંખ્યામાં લોકો ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ રહ્યા છે. ભાજપના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી કૈલાશ વિજયવર્ગીય દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, સભ્યો હજુ પણ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ શકે છે. મમતા બેનર્જીના ગઢમાં ગાબડા પડવાની શરૂઆત થઈ ચુકી છે. સૌથી પહેલા લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૧૮ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો જ્યારે બીજી બાજુ હવે લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ ટીએમસીના બે અને સીપીએમના એક ધારાસભ્ય ભાજપમાં જોડાઈ ગયા છે. ૫૦ કાઉન્સિલરો પણ ટીએમસીમાં જોડાઈ ગયા છે. દિલ્હીમાં આ તમામ નેતાઓએ ભાજપની મેમ્બરશીપ લઈ લીધી હતી. ૨૦૧૭માં ભાજપમાં સામેલ થયેલા ટીએમસીના પૂર્વ દિગ્ગજ નેતા મુકુલ રોયના પુત્ર સુભ્રાંશુ રોય સહિત ત્રણ ધારાસભ્ય ભાજપમાં જોડાઈ ગયા છે. એક ધારાસભ્ય ડાબેરી પક્ષ સીપીએમના છે. સુભ્રાંશુ રોય બીજપુરમાંથી ધારાસભ્ય છે




જ્યારે વિષ્ણુપુરમાંથી ટીએમસીના ધારાસભ્ય તુષાર કાંતિ ભટ્ટાચાર્ય, હેમતાબાદમાંથી સીપીએમના ધારાસભ્ય દેવેન્દ્ર રોય પણ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે. ભાજપમાં આ નેતાઓ સામેલ થયા બાદ બંને પક્ષો વચ્ચે હિંસા ભડકે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

લોકસભાની ચૂંટણીમાં પશ્ચિમ બંગાળમાં જોરદાર દેખાવ બાદ ભાજપ વધુ આક્રમક વલણ અપનાવીને ટીએમસી અને મમતા બેનર્જીને પડકાર ફેંકવાના મૂડમાં છે. રોય પોતે ૨૦૧૭માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. મુકુલ રોયના પુત્ર સુભ્રાંશુને ટીએમસી પાર્ટી વિરોધી ગતિવિધિના આરોપમાં પહેલાથી જ સસ્પેન્ડ કરી ચુક્યા છે. કાચરાપારા મ્યુનિસિપલના ૧૭ કાઉન્સિલરો ભાજપમાં સામેલ થયા છે. મ્યુનિસિપલના ચેરમેન અને વાઇસ ચેરમેન સહિત ૧૭ કાઉન્સિલરો ભાજપમાં સામેલ થઇ ગયા છે. એકંદરે ૨૬ કાઉન્સિલરો વાળા આ ગૃહના ૧૭ સભ્યોના ભાજપમાં સામેલ થવાથી અહીં ભારતીય જનતા પાર્ટીની સત્તામાં એન્ટ્રી થઇ છે. આ ઉપરાંત અન્ય બે મ્યુનિસિપાલિટી પર ભાજપે કબજો જમાવી લીધો છે.

# રાહુલ કોંગ્રેસ અધ્યક્ષપદેથી રાજીનામું આપવા મક્કમ

**કોંગ્રેસને આપ્યો એક મહિનાનો સમય : રાહુલ ગાંધીને મનાવવા પ્રિયંકા, સુરજેવાલા, સચિન પાયલટ સહિતના નેતાઓ પહોંચ્યા હતા**

ન્યુ દિલ્હી,તા.૨૮

લોકસભાની ચૂંટણીમાં હાર બાદ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી રાજીનામું આપવાની જીદ પર અડી ગયા છે. કોંગ્રેસના બે નેતા કે.સી. વેણુગોપાલ અને અહેમદ પટેલ તેમને મનાવવાના પ્રયાસો કરી રહ્યા છે, પરંતુ રાહુલ ગાંધીએ સ્પષ્ટ કરી દીધું છે કે તેમનો વિકલ્પ શોધી લેવામાં આવે.



મંગળવારે સવારે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા, નેતા રણદીપ સુરજેવાલા, રાજસ્થાનના સીએમ અશોક ગેહલોત, ડેપ્યૂટી સીએમ સચિન પાયલટ રાહુલ ગાંધીને મળવા પહોંચ્યાં હતાં. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાહુલ ગાંધીને કહેવામાં આવ્યું છે કે હાલ પાર્ટીને નવો વિકલ્પ નથી મળી રહ્યો આથી તેઓ રાજીનામું ન આપે. સૂત્રોના કહેવા પર નવા અધ્યક્ષ તરીકે પ્રિયંકા ગાંધીનું નામ પણ ચર્ચામાં છે, જેના પર રાહુલ ગાંધી તૈયાર નથી. રાહુલ ગાંધીને કહેવામાં આવ્યું છે કે તમે પાર્ટીમાં ઈચ્છો તેવા બદલાવ કરી શકો છો. જે બાદમાં રાહુલ ગાંધી થોડા નરમ પડ્યા છે. સૂત્રોના કહેવા પ્રમાણે હાલ રાહુલ ગાંધી પાર્ટીના અધ્યક્ષ પદે બન્યા રહેશે. જોકે, તેમણે નવા અધ્યક્ષની શોધ માટે એક મહિનાનો સમય આપ્યો છે. હાલ અમુક શરતોની સાથે રાહુલ અધ્યક્ષ પદે બન્યા રહેશે.

રાહુલ ગાંધી હવે અધ્યક્ષ તરીકે નહીં પરંતુ કાર્યકર તરીકે કામ કરવા માંગે છે. એવામાં એવા પણ સમાચાર મળી રહ્યા છે કે કોંગ્રેસ ચાર દિવસમાં કાર્યકારિણી બેઠક બોલાવવાની તૈયારી કરી રહી છે.

# કાશ્મીરમાં હિઝબુલના બે ખૂંખાર ત્રાસવાદી ઠાર

**સુરક્ષા દળોએ મોટુ ઓપરેશન પાર પાડ્યું : અનંતનાગ જિલ્લામાં બાતમી બાદ ઓપરેશન પાર પડાયું**

અનંતનાગ, તા. ૨૮

જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ છે જેમાં હિઝબુલના બે ત્રાસવાદીઓ માર્યા ગયા છે. હાલમાં સમગ્ર વિસ્તારમાં સર્ચ કામગીરી ચાલી રહી છે. અનંતનાગના કોકેરનાગ વિસ્તારમાં સુત્રોએ સુરક્ષા દળોને આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી આપી હતી. ત્યારબાદ સુરક્ષા દળોએ આ સમગ્ર વિસ્તારમાં ઓપરેશન હાથ ધર્યું હતું. છુપાયેલા આતંકવાદીઓએ ઓપરેશન વેળા અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો જેના જવાબમાં સુરક્ષા દળો તરફથી પણ કાર્યવાહી કરવામાં આવી હતી. આતંકવાદીઓની સામે આ અભિયાનમાં જમ્મુ કાશ્મીર પોલીસ ઉપરાંત ૧૯ રાષ્ટ્રીય રાયફલ અને સીઆરપીએફના જવાન સામેલ થયા હતા. આ પહેલા જમ્મુ અને કાશ્મીરના પુલવામા જિલ્લાના કરીમાબાદ ગામમાં સુરક્ષા દળો દ્વારા મંગળવારના દિવસે ઓપરેશન હાથ ધર્યું હતું. વહેલી પરોઢે ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ સુરક્ષા દળો ઉપર કેટલાક યુવાનો દ્વારા પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. રિપોર્ટ મુજબ ગામમાં આતંકવાદીઓની ઉપસ્થિતિ અંગે માહિતી મળ્યા બાદ ત્રાસવાદીઓને બહાર કાઢવા માટે મોટી સંખ્યામાં સુરક્ષા દળોએ તપાસ ઓપરેશન હાથ ધર્યું હતું. જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓના ખાત્મા માટે મોટાપાયે ઓપરેશન ચાલી રહ્યું છે જેમાં સફળતા પણ હાથ લાગી છે. છેલ્લા બે ત્રણ મહિનાના ગાળામાં જ સેંકડો આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. સેના અને સુરક્ષા દળોના ઓપરેશન ઓલઆઉટના કારણે આતંકવાદીઓની કમર તુટી ગઈ છે. જૈશ અને તોઇબા જેવા આતંકવાદી સંગઠનો તેમના અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે.

REQUIRED
C.A / Inter C.A.
Having Experience in Audit field.
( Fresher can also apply)
Posting at Gandhinagar
Interested Candidate May apply at
Email : vkjcvamd@yahoo.com
Cont : 9879590250

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225